**Shree Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh-Mumbai**
*Conducted*
**MATUSHREE MANIBEN MANSHI BHIMSHI CHHADVA -DHARMIK SHIKSHAN BOARD – MUMBAI**

542, Jagannath Shankar Sheth Road, Chira Bazar, 3rd Floor, Above Dashshrimali office, Mumbai – 400 002.
Tel.: 22018629 Website : jaineducationboard.org E-mail : jainshikhshanboard@gmail.com

## ૧૨ ઓગસ્ટ ૨૦૧૮ - મહિલામંડળ - પ્રશ્ન પેપર - ગુણ - ૧૦૦ સમય: ૨ થી ૫

## શ્રેણી – ૨૧

**પ્રશ્ન૧ સામાયિક પ્રતિક્રમણ સત્તાધિકાર** (૨૦)

(અ) સામાયિક પ્રતિક્રમણને આધારે જવાબ લખો. (૧૦)

નીચેના શબ્દો કયા પાઠના છે ? તે શુધ્ધ છે કે અશુધ્ધ ? અશુધ્ધ હોય તો સુધારીને લખો. (૫)

ખાસિએણં, પડિક્કમઉ, ધમ્મદેસ્સિયાણં, ખમણિજ્જો, દગ્ગસંસટ્ઠહડાએ.

(૧) નીચેનામાં માત્ર સંખ્યા લખો. (૩)

(૧) ઘાતકીખંડમા વિહરમાન તીર્થંકર
(૨) અઢીદ્વીપના તિર્યંચ શ્રાવક
(૩) વ્યવહારસૂત્રના ઉદ્દેશા
(૪) સંથારાના પાઠમાં કેટલા બોલના પચ્ચક્ખાણ લેવાના હોય ?
(૫) અવિનાશી જીવો
(૬) શ્રાવકના નહિ કરવા યોગ્ય પાપ (અનાચાર)

(૩) નીચેના વાક્યો કયા અતિચાર માટે બંધ બેસતા છે એ અતિચાર લખો. (૨)

(૧) અમર્યાદિત કાચા કચુંબર ખાધા હોય
(૨) મને તો જમવામાં કચુંબર વગર તો ચાલે જ નહિ
(૩) સામાયિકમાં કચુંબરની રેસિપિ કહી હોય.
(૪) કોઈ પ્રદેશનું કચુંબર પ્રસિધ્ધ છે તે ખાવા માટે કારમાં બેસીને મર્યાદા ઉપરાંત ગયા હોય.

(બ) કર્મગ્રંથના આધારે નીચેના જવાબ લખો. (૧૦)

(૧) સંભવ સત્તા અને સંક્રમણ સત્તાની વ્યાખ્યા લખો. (૨)
(૨) સત્તા યોગ્ય પ્રકૃતિ કેટલી છે ? કયા કર્મની કેટલી છે ? માત્ર સંખ્યા લખો. (૨)
(૩) પેપર લખનાર તમને કેટલા કર્મની પ્રકૃતિ સત્તામાં હોય ? (૧)
(૪) ચરમ શરીરીને નીચેની પ્રકૃતિની સત્તા કયા કયા ગુણસ્થાન સુધી હોય ? (૫)
તિર્યંચનું આયુષ્ય, તિર્યંચની ગતિ, કેવળ જ્ઞાનાવરણીય, અનંતાનુબંધી ક્રોધ, સંજવલનનો લોભ.

**પ્રશ્ન ૨ શ્રી સૂયગડાંગ સૂત્રના આધારે જવાબ લખો.** (૫)

(૧) વિભક્તિ એટલે શું ?
(૨) ક્ષેત્રજન્ય દુ:ખો કેટલા છે ? એમાંથી પ્રથમ ચારના નામ લખો.
(૩) માત્ર સંખ્યા લખો. (૧) વાલુકાપ્રભાની સ્થિતિ (૨) ધૂમપ્રભા નરકાવાસ
(૩) નારકીનાં જીવ (૪) કેટલા પ્રકારના દેવ વેદના આપે ?

**પ્રશ્ન ૩ ઠાણાંગ સૂત્રના આધારે જવાબ લખો.** (૧૦)

(૧) પ્રમાદ એટલે શું તે કેટલા છે ? કયા કયા ?
(૨) કયા કયા કારણો ઉપસ્થિત થાય ત્યારે આહાર ન કરાય ?
(૩) લોક સ્થિતિ વિવેચન સહિત લખો.
(૪) પ્રતિક્રમણના પ્રકાર લખો.

પ્રશ્ન ૪ જ્ઞાતાધર્મકથા ને આધારે જવાબ લખો. (૧૦)

(૧) પુંડરીકણી કયાં આવી હતી ? તે કેવી હતી ? તેની અંદર કયું ઉદ્યાન કયાં હતું ?
(૨) પુંડરિક રાજાએ કુંડરિક મુનિને યાનશાળામાં પધારવાનું શા માટે કહયું ?
(૩) પુંડરિકે કુંડરિકનો રાજ્યભિષેક શા માટે કર્યો ?
(૪) કુંડરિક અને પુંડરિક બંને કાળ કરીને કયાં ગયા ? ત્યાં તેમને કેટલી સ્થિતિ પ્રાપ્ત થઈ ?
(૫) ચાર થી પાંચ લીટીમાં ઉપસંહાર લખો.

અથવા

પ્રશ્ન ૪ બહુપુત્રિકાદેવીના આધારે જવાબ લખો. (૧૦)

(૧) બહુપુત્રિકા દેવી જંબુદ્વીપમાં શા માટે આવી ? ત્યાં આવીને તેણે શું કર્યું ?
(૨) સુભદ્રાએ સાધ્વીજીઓને શું વિનંતી કરી ?
(૩) એક દિવસ મધ્યરાત્રિએ સાંસારિક ચિંતન કરતા સુભદ્રાને શું વિચાર આવ્યો ?
(૪) સોમા આર્યા પ્રવર્જિત બનીને શું કરશે ? કયાં ઉત્પન્ન થશે ?
(૫) આ અધ્યયનમાંથી શું શિક્ષાગ્રહણ કરવી જોઈએ.

પ્રશ્ન ૫ શ્રી અંતગડ સૂત્રના આધારે જવાબ લખો. (૫)

(૧) અતિમુક્ત કુમાર કોણ હતા ?
(૨) કુમારે ગૌતમસ્વામીને શેના દ્વારા પ્રતિલાભિત કર્યા ?
(૩) હું જે જાણું છું તે નથી જાણતો અને જે નથી જાણતી તે હું જાણું છું એનો અર્થ શું છે ?
(૪) અતિમુક્તકુમાર સ્થંડિલ હેતુ ગયા, ત્યાં રસ્તામાં શું કર્યું ?
(૫) ઉપસંહાર લખો. બે થી ત્રણ લીટીમાં લખો.

પ્રશ્ન ૬ જ્ઞાતાધર્મકથાના આધારે જવાબ લખો. (૫)

(૧) નૌકાવણિકો કયા બંદરમાં ગયા ત્યાં શું જોયું ?
(૨) હસ્તિશીર્ષ નગરમાં જવા માટે કયા બંદરમાં લંગર નાખ્યું ? ત્યાંના રાજા કોણ હતા ?
(૩) ઘોડાને પકડવા માટે કયા દ્રવ્યો સાથે લીધા ?
(૪) કયા ઘોડા જાળમાં ફસાયા ? કયા ન ફસાયા ?
(૫) સારાંશમાં શું સમજવાનું છે ?

પ્રશ્ન ૭ શ્રી ઉત્તરાધ્યયનના સૂત્રના આધારે જવાબ આપો. (૧૫)

(અ) ગાથા પૂરી કરીને ભાવાર્થ લખો. કોઈ પણ ત્રણ. (૧૦)

(૧) સે દેવલોગ..... પરિચ્ચયઈ
(૨) ચત્તપુત્ત..... વિજ્જઈ
(૩) અહે વયઇ..... જાય
(૪) નમી નમેઈ ..... યજ્જુવટ્ઠિઓ

(બ) એક શબ્દમાં જવાબ લખો. (કોઈપણ ૧૦ લખો.) (૫)

(૧) કોને જાતિસ્મરણ જ્ઞાન થયું ?
(૨) કઈ નગરીની જનતામાં કોલાહલ મચી ગયો ?
(૩) બ્રાહ્મણના રૂપમાં કોણ પરીક્ષા લેવા આવ્યું ?
(૪) મુનિએ કેવું નગર બનાવ્યું ?

(૫) ધનુષ્યથી કેવા કવચને ભેદવાનું છે ?
(૬) દસ લાખ ગાયોના દાન કરતા શું શ્રેષ્ઠ છે ?
(૭) ઈચ્છાઓ કોની જેમ અનંત છે ?
(૮) ઈન્દ્ર દેવરાજ કેટલા પ્રશ્નો પૂછે છે ?
(૯) સંસારના કામભોગો કેવા છે ?
(૧૦) મુક્તિનું સ્થાન કેવું છે ?
(૧૧) માયા શેમાં બાધક છે ?
(૧૨) વિષયવાસના શેના તુલ્ય છે ?

પ્રશ્ન ૮ શ્રી ભગવતી સૂત્ર (૧૦)

(અ) દ્વીપસમુદ્રના આધારે જવાબ લખો. (૫)
(૧) ઘાતકીખંડ દ્વીપની લંબાઈ પહોળાઈ કેટલી છે ?
(૨) ઘૃત સમુદ્ર, લવણ સમુદ્ર અને નંદીશ્વર સમુદ્રના પાણીનો સ્વાદ કેવો છે.
(૩) ૪, ૬, ૮, ૧૦ એ ચાર દ્વીપના નામ લખો.
(૪) સમયક્ષેત્રમાં કેટલા દ્વીપ અને સમુદ્ર આવ્યા છે ? કયા ? કયા ?
(૫) દરેક દ્વીપ - સમુદ્રમાં શું શું છે ?

(બ) લવણસમુદ્રના આધારે જવાબ લખો. (૫)
(૧) લવણસમુદ્રની લંબાઈ પહોળાઈ અને પરિધિ લખો.
(૨) લવણસમુદ્રમાં કુલ કેટલી નદીઓ પાણી ઠાલવે છે ?
(૩) લવણસમુદ્રમાં કેટલા યોજનની માછલીઓ છે ? જળચરની કુલકોડિ કેટલી છે ?
(૪) લવણસમુદ્ર પોતાની મર્યાદા કેમ લોપતો નથી ?
(૫) લવણસમુદ્રમાં નાના મોટા કેટલા કળશા છે ?

પ્રશ્ન ૯ પ્રજ્ઞાપના સૂત્રના આધારે જવાબ લખો. (૧૦)
(૧) ઈન્દ્રિય એટલે શું ? તે કેટલી છે ? કઈ કઈ ? તેનો બાહુલ્ય દ્વાર લખો.
(૨) ઈન્દ્રિયનો સ્પૃષ્ટ દ્વાર અને પ્રવિષ્ટ દ્વાર લખો.
(૩) કીડી, કોડી, કંટોલા, કરોળિયાની ઈન્દ્રિયોનો ઉત્કૃષ્ટ વિષય કેટલો કેટલો હોય ?
(૪) પાંચે ઈન્દ્રિયોનો આકાર કેવો હોય ?

પ્રશ્ન ૧૦ નીચેનામાં માર્ગણા સમજણ સહિત લખો. (૧૦)
(૧) અધોલોક પુરૂષવેદ ભાષકમાં કેટલા ભેદ છે ? કેવી રીતે ? અપર્યાપ્ત કેમ ન હોય ?
(૨) ઊર્ધ્વલોક એકાંત નપુંસકમાં કેટલા ભેદ છે ? માત્ર તિર્યંચ જ કેમ લીધા ? બીજા ભેદ કેમ નથી લીધા ?
(૩) ઔદારિક શુકલલેશીમાં કેટલા ભેદ છે ? બીજા ભેદ કેમ નથી લીધા ?
(૪) અધોલોક ત્રસ અભાષકમાં કેટલા ભેદ છે ? અધોલોકમાં મનુષ્યમાં ભેદ કેમ લીધા છે ?
(૫) પદ્મલેશ્યામાં કેટલા ભેદ છે ? નારકીને કેમ નથી લીધા ?

.... જય જિનેન્દ્ર ....